॥ ૐ ॥

દશા સોરઠીઆ વણીક બંધુઓને

નૂતન વર્ષ ઉપહાર

યુવક સદ્બોધ માળા.

(પ્રથમ પુષ્પ.)

લેખક—રા૦ રા૦ નારણજી પુરૂષોત્તમ સાંગાણી.

શ્રી દશા સોરઠીઆ યુવક મંડળ તરફથી,

પ્રકાશકો,

માણેકચંદ અમરશી, ⎫
ભગવાનજી જીવણ, ⎭ મંત્રીઓ.

ઠે૦ રામજી બીલ્ડીંગ, કુંભારટુકડા ભુલેશ્વર, મુંબઈ.

સંવત્ ૧૯૭૨ (૫૦૦) સને ૧૯૧૫.

રતિલાલ હરજીવન પટેલે, શ્રીકૃષ્ણ પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.
નં. ૯ અનંતવાડી મુંબઈ નં. ૨.

નુતન વર્ષ પ્રસંગે અભિનંદન.

ગઝલ.

"મુબારક" પત્ર વ્હાલા તું, "મુબારક" સર્વને કહેજે;
ભરીને પ્રેમના પ્યાલા, સુસ્નેહી સર્વને દેજે.
ઝબોળી અમૃતે ચંચુ, વધાવી સર્વને લેજે;
મીલાવે હાથ ચારે ત્યાં, મીલાવી હસ્તને દેજે.
ઉત્તર, દક્ષિણ પરવરતું, ગમન કર પૂર્વ પશ્ચિમે;
મુબારક તું જઇ ને કે', તહિંનાં સર્વ સ્નેહીને.
કૃપાસિંધુ કૃપાળુ થઈ, સંકટ કેડી સહુ દેજે;
"મુબારક" પત્ર વ્હાલાતું "મુબારક" સર્વને કહેજે.

જગજીવન મોતીચંદ માસ્તર.

પ્રસ્તાવના.

———:૦:———

વર્તમાન સમયમાં સાહિત્ય પાણીના મુલ્યે વેચાય છે. ઘેર ઘેર સાક્ષરો નિવાસ કરે છે. અનેક વક્તાઓ વ્યાખ્યાનો આપે છે. સંસાર સુધારકો મોટી મોટી કોન્ફરન્સો બોલવી "જા બીલી માર કુતેકુ" ના ઠરાવો પસાર કરે છે. નાત જાતના તફાવત રાખ્યા સિવાય એકત્ર બેસી ભોજન કરે છે, છતાં પરિણામતો જનસમાજની જે અધોગતી થતી ચાલી છે, તેમાં વૃદ્ધિ પમાડવા જેવુંજ આવ્યું છે. એ તો સ્વાભાવિક છે કે દર્દીનો રોગ પારખ્યાવિના નિદાન કરવામાં આવેતો રોગમાં વધારોજ થાય. તેમાં ઉન્નતિની આશા રાખવી એ કેવળ ભ્રમણાજ છે. વાસ્તવિક દેશની આર્થીક અને પરમાર્થીક ઉન્નતિનો મુખ્ય આધાર શારીરિક બળ, માનસિક બળ, આત્મિક બળ, સ્વાત્માવલંબી, સ્વધર્મનિષ્ઠ, પવિત્ર ચારિત્ર્ય, ઉપર રહેલો છે. યદિ એ સંપૂર્ણ કિંવા થોડે ઘણે અંશે ખીલવાયતો વખત, દ્રવ્ય અને શકિતનો વ્યર્થ ભોગ આપવા છતાં જે હેતુ સિદ્ધ થતો નથી તે સહેલાઇથી થઇ શકે, આ લઘુ માળામાં ઉપરોકત્ત ભાવનાને અનુસરી વાંચક ગણ સમક્ષ એવાજ વિષયો રજુ

કરવામાં આવ્યા છે, જેમાંના વધારે નહિતો એકાદનું પણ પાલન થશે તો લેખક અને પ્રકાશક ઉભયનો શ્રમ ફળીભૂત થયો ગણાશે.

જ્ઞાતિ શ્રેયસ્સાધક પ્રકાશક સંસ્થા તરફથી લેખકને આ પુસ્તક શીઘ્ર તૈયાર કરી આપવાની માંગણી થવાથી અવકાશના અભાવે કદાચ કોઇ સ્થળે ભાષાનો દોષ જણાયતો લેખક ક્ષમા ચાહી, જેમ હંસ પાણી અને દુધના મિશ્રણમાંથી પાણી એક તરફ રાખી દુધ ગ્રહણ કરે છે. તેમ ભાષા દોષ દર ગુજર કરી ભાવના ગ્રહણ કરવા વિનવે છે.

સંવત ૧૯૭૧ વિજયાદશમી.

નારણજી પુરૂષોત્તમ સાંગાણી.

ભીંડીબજાર મુંબઇ.



ૐ

બ્રહ્મચર્ય.

મનુષ્ય જે ખોરાક ખાય છે, તે ખોરાકમાંથી રસ થઇ શરીરમાં લોહી બને છે. લોહીમાંથી માંસ અને વીર્ય બને છે. જે નકામો ભાગ રહે છે તે ગુદાદ્વારા વિષ્ટા રૂપે બહાર નીકળી જાય છે. એ વીર્યમાં એટલી બધી શક્તિ હોય છે કે જો તેનું સંભાળથી રક્ષણ કરવામાં આવે તો ભીમ અને ભીષ્મપીતામહ જેવા કામ શરીરથી થઇ શકે, બ્રહસ્પતિ અને શુક્રાચાર્ય જેવા કામ બુદ્ધિથી થઇ શકે, જગદીશ્ચંદ્ર બોઝ અને એડીસન જેવા કામ મનથી થઇ શકે છે. એને વીર્ય સ્તંભન કહીએ કે બ્રહ્મચર્ય.

બ્રહ્મચર્યનો બીજો અર્થ બ્રહ્મ+ચર્ય=બ્રહ્મ એટલે પરમાત્મા અને ચર્ય એટલે ચરવું. પરમાત્મામાં ચરવું, ઇશ્વરમાં નિમગ્ન રહેવું પણ થઈ શકે છે.

મહા શોકની વાત છે કે જે પવિત્ર ભારતવર્ષમાં મહા પ્રતાપી વીર્યવાન્ બ્રહ્મચર્યવાન્, અર્જુન, ભીમ, ભીષ્મપીતામહ, દ્રોણાચાર્ય, કર્ણ, અભિમન્યુ, મહારાણા પ્રતાપસિંહ, શીવાજી છત્રપતિ જેવા પુરૂષોથી સૌભાગ્ય હતુ. તે દેશમાં આજે વિષયી, દરિદ્ર, અશક્ત, મૂર્ખ પેદા થઇ તેઓની કીર્તિને કલંક લગાડે છે અરે તેઓ આપણી દુર્દશા જોઇ, આપણા તરફથી મળતુ પીતૃતર્પણ જોઈ મહા ખેદ પામે છે.

યદિ જે દશા અત્યારે આપણે ભોગવવીએ છીએ તે ટુંક સમય પર્યંત ચાલુ રહે, અને કાંઇ સુધારો ન કરવામાં આવેતો આપણા શાસ્ત્ર

કારો કહે છે કે પાપી માણસ મર્ણું પામ્યા પછી તેને યમદૂતો નરકમાં ઘસડી જઇ, પાપની શિક્ષા ભોગવાવે છે. પરંતુ આપણું ભવિષ્ય તો એમ સુચવે છે કે જીવતાજ નર્ક યાતના ભોગવવી અસ્તુ.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે ચાલુ દુર્દશાને અટકાવી કોઇ હિતાવહ માર્ગે ચાલી શકાય એવી કોઇ યુક્તિ છે ? અવસ્ય છે. પરંતુ તે નબળા મનના મનુષ્યથી થઇ શકે તેમ નથી. તે તો દૃઢ નિશ્ચયી હોવો જોઇએ. कार्यं साधयामि वा देहं पातयामि. અર્થાત્ દેહનો નાશ થાયતો ભલે થાય પરંતુ જે શુભ કાર્ય છે, જેનું શુભ ફળ છે, જે હાથ ધરેલું છે. તે કદિ છોડીશ નહિ. એમ થાયતો સિદ્ધ થઇ શકે, કારણકે સૃષ્ટિ નિયમ એવો છે કે કાર્ય પાર પાડવું હોય, તો તે કાર્ય પાર પાડવા ઇચ્છનારે તે કાર્યમય બની જવું જોઇએ. તેની પાછળ સર્વસ્વ અર્પણ કરી દેવું જોઇએ. શિથિલતાથી કોઇ કાર્ય કદિપણ સિદ્ધ થતું નથી. એ યુકિત તે બ્રહ્મચર્ય છે.

પ્રત્યેક ગૃહસ્થે, પ્રત્યેક યુવકે, પ્રત્યેક કુમારીકાએ અને પ્રત્યેક ગૃહિણિએ નિશ્ચય કરવો જોઇએ કે અમો જીવીશું ત્યાંસુધી અત્યારે પશુ કરતા પણ હલકી વર્તણુંક કરીએ છીએ તે છોડી યથા વિધિ બ્રહ્મચર્ય પાળીશું અને પળાવીશું.

બ્રહ્મચર્ય પાળવાર્થે બે વિભાગ પાડવા પડશે. એક વિભાગ અવિવાહીતને માટે અને બીજો વિવાહીત માટે.

જેના લગ્ન થયા નથી, જેની બાલ્યાવસ્થા છે, તેણે અને તેના વડીલોએ એવો રસ્તો કરી આપવો જોઇએ કે વિદ્યાભ્યાસ કરે, ખરાબ

સોબતથી દુર રહે. માતા પિતા અને ગુરૂની આજ્ઞામાં વર્ત્તે, દેશ બંધુઓ તરફ માન રાખી બને તેટલું હિત કરે, દેશીચીજો વાપરે, દેશ ભાષાનો ઉપયોગ કરે, ધર્મમાં અડગ રહે સાદાઇથી વર્તે અને જ્યાં સુધી યુવક વિદ્યાભ્યાસ પુર્ણ કરી ન રહ્યો હોય, જ્યાં સુધી પોતાની મેળે કમાવી આખા કુંટુંબનું ગુજરાન ચલાવવાને શકિતમાન્ ન હોય, જ્યાં સુધી ઓછામાં ઓછી પચીશ વર્ષની વય ન થઇ હોય, ત્યાં સુધી લગ્ન કરવાનું નામ સુદ્ધાં લેવાતું નહિ જોઇએ. જો યુવક ઉપર પ્રમાણે પચીસ વર્ષની વય પર્યંત બ્રહ્મચર્ય પાળી વિદ્યા હુન્નર કળા વ્યાપારની કેળવણી લઇ ગૃહસ્થાશ્રમમાં જોડાયતો અવશ્યમેવ તેનો આલોક અને પરલોક સુખ પ્રદ નીવડે. વિદ્વાન અને અનુભવી હોવાથી કોઇપણ ધંધો સહેલાઇથી મેળવી શકે ધંધો ઉત્તમરીતે કરી સારો નફો તારવી શકે. વિદ્યાવાન્ અને ધંધાદારી હોવાથી સારી કુળવાન્ કન્યા મેળવી શકે છે. પરંતુ લગ્ન વખતે ધ્યાનમાં રાખવાનું છે કે કન્યાની ઉમર પણ ઓછામાં ઓછી પંદર વર્ષની હોવી જોઇએ. બન્નેના નિરોગી અને બળવાન શરીરથી જે સંતતિ થશે તે પણ ગુણવાન, બળવાન, બુદ્ધિવાન અને આયુષ્યવાન્ નીવડશે.

જેઓ પરણેલા છે, જેઓ ગૃહસ્થ તરીકે ઓળખાય છે, તેઓને પણ બ્રહ્મચર્ય પાળવાનું છે. તેઓએ યુરોપમાં જેમ આપણા માટે બોલાય છે કે The Woman in India is the machine of producing Children અર્થાત્ હિંદુસ્થાનમાં સ્ત્રી એ સંતાન પેદા કરવાનું યંત્ર છે. તેમ થવું ન જોઇએ, દિવસે દિવસે ટેવને કાબુમાં લઇ ઋતુ દાનજ આપવું જોઇએ. વિષયી પુસ્તક વાંચવાનો ત્યાગ કરવો જોઇએ. વિષયી માણસની સોબતથી દુર રહેવું જોઇએ.

વિષય ઉત્પન્ન કરનાર ખોરાક જેવા કે રાજસી, તામસી છોડી સાત્વિકાહાર અને મિતાહારી થવું જોઇએ. શાસ્ત્રજ્ઞાન અને વેપાર ઉદ્યોગ વડે ઉત્તરોત્તર ઉન્નતિ મેળવતા રહેવું જોઇએ. અને गतं न शोचामि ગઇ વાતનું વિસ્મરણ કરી વર્તમાન સ્થિતિને સુધારવા જાતે અને ઉછરતી પ્રજાને માટે ઉપરોક્ત ભાવનાનુસાર યત્ન આરંભી કૃતકૃત્ય થવું જોઇએ.

નીતિ.

એ મનુષ્યનો ઉત્તમોત્તમ ગુણ છે. મનુષ્ય માત્ર નીતિથીજ ઉજ્જવળ દેખાય છે. જેનામાં નીતિનો વાસ નથી હોતો એ કોઇ રીતે વિશ્વાસને પાત્ર થતો નથી. નીતિ શબ્દની વ્યાખ્યા બે શબ્દોમાં થઇ શકે છે. એક સત્ય અને બીજું પ્રમાણીકપણું.

સત્યઃ—જે વસ્તુ જેવા સ્વરૂપમાં હોય તેને તેજ રૂપમાં કહેવી. અંતરાત્મામાં કોઇ પણ કાર્ય કરતા પહેલા આઘાત પ્રત્યાઘાત જે કરવાની સુચના કરે તે કરવું તે સત્ય છે. આરંભમાં સૃષ્ટિની ઉત્પત્તિ બ્રહ્માથી લઇ છેક શુદ્ર જીવ પર્યંતની થઇ, તે સત્યથી જ થઇ છે. ધર્મશાસ્ત્ર સભ્યતાથી જ લખાણા છે અને સત્યતાથી વર્તવા બોધ કરે છે. જગતનો વહેવાર સત્યતાથી ઉત્તમ નીવડે છે. કદાચ સત્ય મુકી કોઇ આડે માર્ગે જાય તો તેમ કરનારનો વ્યવહાર વિકટ બની જાય છે. અને અટકી પડે છે. એટલુંજ નહિ પરંતુ છેવટે સત્યને પકડે છુટકો છે. મહારાજાધિરાજ હરિશ્ચંદ્ર વિશાળ ભુમીનું પાલન કરતા હતા, ધર્મ કર્મમાં નીપુણ હતા, અને મહા સત્યવ્રત ધારી હતા. રૂષિ વિશ્રામિત્રે વિચાર્યું કે રાજા હરિશ્ચંદ્ર સત્યવાદી કહેવાય છે. સત્યનું

યથાર્થ રીતે પાલન કરી અતુલ્ર કીર્તિ, સામ્રાજ્ય અને પુણ્ય પ્રાપ્ત કર્યું છે. તે બરાબર છે કે કેમ ? માત્ર નામનું તો નથી ને ! એમ વિચારી રાજર્ષિ વિશ્વામિત્ર રાજા હરિશ્ચંદ્રની પરિક્ષાર્થે નીકળ્યા મહારાજા હરિશ્ચંદ્રને ત્યાં ઋષિ વિશ્વામિત્ર પધારતા પુર્ણ સન્માનથી પુજા કરી, અને આવવાનું પ્રયોજન પુછી કહ્યું કે રૂષિરાજ આપે અમારા ઉપર કૃપા કરી અમોને દર્શન આપી કૃતકૃત્ય કર્યા છે. મહારાજ અમે આપની સેવા કરી શકીએ તેમ આજ્ઞા કરો. તે આજ્ઞાનું અવશ્ય પાલન થશે. ત્યારે ઋષિ કહે છે કે હે રાજા મારી એવી ઇચ્છા છે કે તારૂં સમસ્ત રાજ્ય અને એક હજાર મુદ્રા (સોના મહોર) મને આપી તું રાજ્યમાંથી ચાલ્યો જા. તેં પ્રથમથી મારી ઇચ્છા પુર્ણ કરવાની પ્રતિજ્ઞા કરેલી છે માટે તે તું પૂર્ણ કર, યદિ તે તું પુર્ણ નહિ કરે તો તું જગતમાં અસત્યવાદી ઠરીશ માટે વધારે વખત વિચાર નહિ કરતા હા ના નો પ્રતિ ઉત્તર આપ. મહારાજા હરિશ્ચદ્ર કહે છે કે ઋષિરાજ આતો માત્ર સ્થુળ ચીજો જે આપી શકાય એવી આપે માગણી કરી છે, પરંતુ એના કરતા વ્હાલી વસ્તુ આ દેહ છે તે દેહની કદાચ આપે માંગણી કરી હોત, તો સત્યની ખાતર હરિશ્ચંદ્ર કદી ઠચુ પચુ વિચાર કરતે નહિં. હું પ્રતિજ્ઞા કરી કહું છું કે આપને મારૂ સમસ્ત રાજ્ય અર્પણ કરૂં છું, તે ગ્રહણ કરો અને દક્ષિણાની હજાર સોના મહોર હું નોકરી કરી, વેચાઇ, ચુકવી આપીશ. ઋષિરાજ રાજ્યની લગામ હાથમાં લઇ કહે છે કે તું રાજ્યનો તુરતાતુરત ત્યાગ કરી ગમે તે ઉપાયે સોના મહોર લાવી આપ.

હરિશ્ચંદ્ર પોતાના સ્ત્રી પુત્ર સાથે રાજ્યનો ત્યાગ કરી વનમાં ચાલી નીકળે છે. પરંતુ મહારાજ્યના વૈભવમાં ઉછરેલ, સંકટ શું છે,

કેવું હોય, તેનુ નામ પણ નહિં સાંભળેલું, તેથી જંગલની ભુખ તરસ ટાઢ તડકો, કાંટા જેવી અણીવાળા પથ્થરોમાં ચાલવું એ ભયંકર દુઃખ જણાયું. પરંતુ સત્યની ખાતર સહન કરી માર્ગ કાપતા કાપતા કાશીમાં આવે છે. ત્યાં ઋષિરાજ હાજર થઇ સોના મહોર આપવાની તાકીદ કરે છે. હરિશ્ચંદ્ર પોતે વેચાવા જાય છે. વેચાય છે પણ રકમ પુરી થતી નથી; તેથી સ્ત્રી પુત્રને વેચે છે. પોતે મસાણમાં રહી ભંગીનું કામ આનંદપુર્વક કરે છે. અને સ્ત્રી બીજી જગ્યાએ કોઇ બ્રાહ્મણને ત્યાં દાસત્વનું કામ કરે છે. પરંતુ વિપત્તિનો અંત એટલેથી નહિં આવતા, તેના પ્રિયમાં પ્રિય પુત્રને સર્પ ડંસે છે, અને મરી જાય છે. મહા પતિવ્રતા તારામતી અત્યંત વિલાપ કરતી કરતી અર્ધરાત્રિએ મસાણમાં પુત્રને બાળવાર્થે જાય છે. ત્યાં લાકડા પડેલા હતા, તેમાંથી થોડાક લઈ અગ્નિ દાહ ખડકે છે. એવામાં મસાણનો માલીક આવી ચડે છે, તેને જાણ થાય છે કે આ સ્ત્રીએ લાકડા ચોરીથી લીધા છે, તેથી ગુન્હેગાર ઠરાવી મસાણના ભંગી હરિશ્ચંદ્રને આજ્ઞા કરે છે કે આ સ્ત્રીનો શીરોચ્છેદ કર! હરિશ્ચંદ્ર તે સ્ત્રીની સમીપ આવી જુવે છે તો જણાય છે કે જે સ્ત્રીનો વધ કરવાનુ કહેવામાં આવ્યું છે તે સ્ત્રી, તેની પોતાનીજ (સતી તારામાતી) છે, અને પુત્ર મરણના કારણે વિલાપ કરે છે. આહા કેવું ઘોર દુઃખ, ગમે તેવો વજ્ર હૃદયનો મનુષ્ય હોય તો પણ છાતી ફાટી જાય અને ગમે તેવો શ્રેષ્ટ ગુણી હોય તો પણ તે ગુણનો ત્યાગ કરે. પરંતુ હરિશ્ચંદ્ર લેશ માત્ર પણ સત્યાથી ડગ્યા નહિ. માલીકની આજ્ઞાનું પાલન કરવાર્થે અસ્ત્ર હાથમાં ગ્રહણ કરી મારવા જાય છે. મારવા જતાંજ સત્યના બેલી, સત્યના ઇશ્વર, સત્યના પ્રવર્તક ભગવાન શ્રી વિષ્ણુ પ્રગટ થઇ તેનો હાથ પકડી રાખે છે. હરિશ્ચંદ્ર

વિસ્મય પામે છે કે આ શું ? સ્થિર થઇ દ્દઢતાથી જુવે છે તો ભગવાન વિષ્ણુ એક તરફ ઉભા રહી અનેકાનેક ધન્યવાદ આપી રહ્યા છે. બીજી તરફ તેના સ્ત્રી પુત્ર હાથ જોડી ઉભા છે. ભગવાન વિષ્ણુ હરિશ્ચંદ્ર અને તારામતીને સંબોધી કહે છે કે મહાન સત્યવ્રત ધારી રાજા હરિશ્ચંદ્ર અને મહાન પતિવ્રતા પુત્રી તારામતી તમોએ જગતમાં ઉત્પન્ન થઈ મનુષ્ય જન્મનું સાર્થક કર્યું છે. ધર્મ શાસ્ત્રની આજ્ઞા (શ્રી મનુ ભગવાનની આજ્ઞા) "सत्यं ब्रुयात्प्रियंब्रुयातप्रियं न ब्रुयात् कदाचन" નું યથાર્થ પાલન કર્યું છે. સત્યની ખાતર મહાન વૈભવોનો ત્યાગ કરી, ઘોર દુઃખો સહન કરી, સત્ય જાળવી રાખ્યું છે. એથી તમારો જન્મ સાર્થક છે. એટલુંજ નહિ, પરંતુ તમારા દ્રષ્ટાંતથી ભવિષ્યની પ્રજા તમારે પંથે ચાલી જીંદગીનું શ્રેય કરશે. પુત્રો હું તમારા ઉપર પ્રસન્ન થઇ વરદાન આપું છું કે જ્યાંસુધી તમો દુનીઆમાં જીવો, ત્યાંસુધી દુનીઆની વિશાળ સ્મૃદ્ધિ ભોગવો અને મરણ પછી વિષ્ણુપદ એવા મોક્ષને પામો. એટલુંજ નહિં પરંતુ જ્યાંસુધી સૃષ્ટિની હયાતી રહે ત્યાંસુધી તમારૂં નામ અમર રહે, આં ઉપરથી સત્યતાની પ્રતિભા કેવી અને કેટલી છે એ સ્પષ્ટ જણાય આવે છે. અને સત્યને નાનામાં નાની બાબતથી મોટામાં મોટી સુધી પાળવું જોઇએ એ સિદ્ધ થાય છે. ૨. પ્રમાણીકપણું. એટલે જે કામ આપણને આપણા માતા પીતા, મિત્ર, ભાગીદાર, શેઠ કે નોકર તરફથી સોંપવામાં આવ્યું હોય, તેને કાળજી પુર્વક જરાપણ નુકશાન ન થાય તેમ કરવું, અને જે વખતે પુછવામાં આવે કિંવા પાછું સોંપવાનું કહેવામાં આવે, તે વખતે તેને ખરેખરી બનેલી હકીકત નિવેદન કરી સોંપવું.

વિલાયતમાં શિયાળામાં ટાઢ ઘણી પડે છે. અને રસ્તામાં બરફ પડે છે ગરીબોને રહેવાને મકાન હોતા નથી, તેમજ લંડનમાં ભાડૂ

વધારે પડતું હોવાથી મકાન ભાડે રાખી શકતા નથી. તેઓ દિવાસળીની ડાબલીઓ, અને બુટની વાધરીઓ છાબડીમાં રાખી ફેરી કરી ગુજરાન ચલાવે છે. એક વખતે એડીનબરો હોટેલ આગળ એક રાનડી નામનો ગરીબ છોકરો બહુ ઠંડી હોવાથી, અને ફાટેલા તુટેલા કપડા પહેરલા હોવાથી, તેમજ પગમાં જોડા નહિં હોવાથી ધ્રુજતો ઉભો હતો. તે વખતે તેણે બે ગૃહસ્થને ત્યાંથી પસાર થતા જોયા. રાનડીએ તેમની પાસે જઇ કહ્યું કે સાહેબ આ દિવાસળી ખરીદશો ? તેઓએ કહ્યું નહિ. ત્યારે રાનડીએ કહ્યું કે માત્ર એક પેનીનીજ કીમતની છે. પેલા ગૃહસ્થે કહ્યું કે અમને જરૂર નથી. ત્યારે રાનડીએ કહ્યું કે એક પેનીની બે આપીશ. તેથી બેમાંના એક ગૃહસ્થે દિવાસળીની ડાબલી લીધી, અને પૈસા આપવા માટે ખીસામાં હાથ નાંખી જુવે છે, તો પેની નથી પરંતુ શીલીંગ મળી. રાનડીને શીલીંગ આપી વટાવવા મોકલ્યો, પણ વખત લાગ્યો તેથી પૈસા આપનાર ગૃહસ્થ ચાલ્યો ગયો. બીજે દિવસે પૈસા આપી વટાવા મોકલનાર ગૃહસ્થ એ રસ્તેથી નીકળ્યો ત્યારે રાનડીનો નાનો ભાઇ ઉભો હતો. રાનડીના નાનાભાઇએ પુછ્યું કે સાહેબ ગઈ કાલે આપે મારા ભાઇ પાસેથી એક પેનીની માચીઝ ખરીદી હતી અને પેની છુટી નહિ હોવાથી, શીલીંગ આપી વટાવવા મોકલ્યો હતો, તે આપ ગૃહસ્થ છો કે ? પેલા ગૃહસ્થે હા કહી તેથી રાનડીના ભાઇએ એ ગૃહસ્થના હાથમાં પૈસા આપી કહ્યું કે સાહેબ માફ કરજો ગઇ કાલે આપને પૈસા અપાણા નહિં. નહિ આપી શકવાનું કારણ મારો ભાઇ આપની પાસેથી શીલીંગ લઇ વટાવવા જતો હતો. પરંતુ રસ્તામાં ગાડી નીચે આવી જવાથી બન્ને પગ કપાઇ ગયા છે. ટોપી ક્યાંઇ જતી રહી છે, અને દીવાસળીની ડાબલીઓ તથા આપની આઠ પેન્સ ક્યાંઇ ગુમાઈ ગઇ છે. માત્ર ચાર

પેન્સ જડી છે. મને જ્યારે ખબર પડી ત્યારે હું તેની પાસે ગયો. રાનડીને શુદ્ધિ આવતા મારા તરફ જોઇ કહ્યું કે આપને બચેલી ચાર પેન્સ આપવાની છે. માટે આપી આવ. પેલા ગૃહસ્થને આવી કરૂણાજનક વાત સાંભળી દયા આવી. પોતે હોસ્પીટાલમાં ગયો અને જુવે છે તો રાનડી બીછાનામાં દુ:ખથી આકુળ વ્યાકુળ થતો પડયો હતો. આ ગૃહસ્થને ઓળખતાજ રાનડીએ કહ્યું કે સાહેબ આપને બચેલી ચાર પેની આપવા માટે મારા નાના ભાઇને મોકલ્યો હતો તો મળી કે? ગઇકાલે હું શીલીંગ વટાવવા જતો હતો તેવામાં ગાડી નીચે આવી જવાથી પહોંચાડી શકયો નહિ. જે માટે મને માફ કરશો. પછી રાનડી તેના નાના ભાઈ તરફ જોઇ કહે છે કે ભાઇ જ્યાંસુધી માબાપ મરી ગયા, ત્યારથી મારાથી બનતી મહેનત લઈ તારી સંભાળ રાખતો હતો. પરંતુ હવે કોણ લેશે તે હું જાણતો નથી, ઇશ્વર પાસે માગું છું કે તે કૃપાળુ તારી રક્ષા કરે. એટલું કહી મરી ગયો.

કેટલું અદ્દભૂત પ્રમાણીકપણું, અત્યંત ગરીબાઇ, મરણ પથારીએ પડયા છતાં નિરાધાર નાનાભાઇની દરકાર નહિ રાખતા પૈસા જેના હતા તેને પહોંચાડયા.

આ પ્રમાણે બે પૈડાવાળી ગાડીની માફક નીતિ, સત્ય અને પ્રમાણીકપણા રૂપી જોડ પૈડાની બનેલી છે. જે નીતિથી મનુષ્ય ખરેખરો નર છે અને જે વિના ખર છે.

એકાગ્રતા.

મનનું એક રૂપ થવું, જે કાર્ય થતું હોય તેમાં પુર્ણ લક્ષ આપવું તેમાં તલ્લીન બની જવું, પ્રાત:કાલ અથવા દિવસના કોઇપિણ સમયે

મનુષ્ય ઇશ્વરનું ધ્યાન ધરે, સમસ્ત જગતને ભુલી માત્ર ઇશ્વિરમાંજ લીન થઇ જાય તે એકાગ્રતા, પૃથ્વીમાં અસ્તિત્વ ધરાવતી એક પણ એવી વસ્તુ નથી કે જે એકાગ્રતા વડે પ્રાપ્ત કરી ન શકાય. જ્યાંસુધી મન અને ઇંદ્રિયો કાબુમાં ન હોય, સંકલ્પ વિકલ્પની ગતી રોકવાની શકિત ન હોય, એક કામ થતું હોય અને બીજા કામનો વિચાર થતો હોય, ભકિત કરવા બેઠા હોય અને કામ ધંધાના, નફા નુકશાન સંબંધીના વિચાર ચાલે કિંવા વેપાર થતો હોય અને હરવા ફરવામાં કે રમત ગમતમાં મન ફર્યા કરે તો ધારેલું કાર્ય કદિપણ સિદ્ધ થતું નથી. દુનીઆમાં જે મહાન પુરૂષો થઇ ગયા અને થાય છે તે સર્વ એકાગ્રતાના પ્રતાપવડેજ. આપણા પુર્વજોમાં મનુ, યાજ્ઞવલ્કય, ભીષ્મપિતામહ વેદવ્યાસ, પાતંજલ, શ્રીરામચંદ્રજી, મહારાણા પ્રતાપસિંહ, શિવાજી છત્રપતિ, ઇત્યાદિ સમર્થ પુરૂષો થઇ ગયા તે મનની વૃત્તિઓને એકાગ્ર કરી લક્ષ્યબિંદુનુંજ મનન કરતા જેથી ઇચ્છીત કાર્યમાં વિજયી નિવડયા હતા. શ્રી પાતંજલ યોગસુત્રમાં ચિત્તની એકાગ્રતાનું અત્યંત મહત્વ લખે છે યદિ એક વખત મનુષ્યને એકાગ્રતા (સંયમ) પ્રાપ્ત થઇ જાય તો તેના દુઃખ માત્ર ટળી આનંદ (શાંતિ) પ્રાપ્ત થાય છે. અણીમા, લઘુમાં, તમુમા, પ્રાપ્તવ્ય, કામવ્ય, ઇત્યાદિ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, જે સિદ્ધિ વડે, મનુષ્ય સુક્ષ્મરૂપ ધરી શકે છે, ઇચ્છિત સ્થળે ગમન, આગમન કરી શકે છે. દ્રવ્ય કે અન્ય કોઇ વસ્તુની ઇચ્છા થતા સ્વયં આવી મળે છે. આયુષ્ય ઇચ્છા મુજબ લંબાવી શકે છે. આત્મ (ઇશ્વર) સાક્ષાત્કાર કરી શકે છે. ધ્રુવજીનું ચરિત્ર વિચારીએ. તેઓ માત્ર પાંચ વર્ષની ઉમરના હતા, ઓરમાન માતાના તીવ્ર શબ્દો સહન નહિ કરી શકવાથી સ્વમાતા પાસે રડવા લાગ્યા. માતા પુત્રના દુઃખે દુઃખી થઇ દિલાસો આપે છે કે પુત્ર શોક ન કર, જગન્નિયંતા વિષ્ણુનું એકાગ્ર ચિત્તે સ્મરણ કર,

તારૂં સર્વ દુઃખ ટળી જશે. માતાએ પુત્ર શોક કરતો મટે અને આનંદમાં રમે ભમે એવા હેતુથી કહેલ પરંતુ બાળક ધ્રુવ માતાના મુખમાંથી ઉચરાયેલા શબ્દો સત્ય માની સર્વ વસ્તુનો ત્યાગ કરી ઘોર જંગલમાં એકાગ્રતાથી વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો. કલાક દિવસ માસ વર્ષ એમ સમય વિતવા લાગ્યો પરંતુ ધ્રુવજી અનેક ભ્રમણાઓ ઉત્પન્ન થવા છતાં, એકાગ્રતાથી વિચલિત થયા નહિ, પરિણામ એ આવ્યું કે સાક્ષાત્ વિષ્ણુ ભગવાન્ પ્રગટ થયા ધ્રુવજીને દર્શન આપી કૃતાર્થ કર્યો જેને ઇશ્વરના દર્શન થાય એને કઇ બાબતની ઉણપ રહે? એકની પણ નહિ. ધ્રુવજીને પ્રથમ ઇચ્છેલ તે મુજબ રાજ્ય મલ્યું અને માત્ર જગતનું નહિ પરંતુ બ્રહ્માંડનું (આત્માનું) રાજ્ય પણ મલ્યું, ફ્રાન્સનો સાધારણ સીપાઇ નેપોલીઅન એકાગ્રતાના પ્રભાવ વડે શું કરી શકયો? શું મોટી નોકરી મેળવી શકયો? શું મોટો વેપારી થયો? શું દ્રવ્ય પતિ થયો? શું ગામનો માલીક થયો? શું દેશનો માલીક થયો? નહિં એથી પણ અધીક થયો. જગતના ઘણા ખરા મહાન નૃપતિઓને મહાત કરી શરણ કર્યા, તેનાં દેશ ઉપર અધિકાર સ્થાપિત કર્યો, નેપોલીઅન કહેતો કે મારા મગજમાં મેં એકાગૃતારૂપી કબાટ ગોઠવી રાખ્યા છે જ્યારે જ્યારે જે વસ્તુ વિચા-વાની, શોધવાની હોય ત્યારે ત્યારે તે તે કબાટમાં પ્રવેશ કરી દ્વાર બંધ કરી દઉં છું, તેથી ઇચ્છીત વસ્તુ સીવાય જગતનું કશું ભાન રહેતું નથી. અને થોડાજ વખતમાં (આત્મામાં એકાગ્રતારૂપી) કબાટમાંથી શોધી લાવું છું. નેપોલીઅનની એકાગ્રતા અદ્ભૂત હતી તેથીજ તે દુનીઆમાં અદ્ભૂત સ્થાન મેળવી શકયો હતો. એક વખતે પોતે લડાઇના મેદાનમાં કુચ કરતો હતો. મજલ ઘણી લાંબે કરવાની હતી તેથી તેણે વિચાર્યું કે ઉપરા ઉપરી ઉજાગરા થશે તો શરીરને હાની

પહોંચશે વળી આવતે દિવસ યુદ્ધ કરવાનું હોવાથી થોડો વખત નિંદ્રા રૂપી વિશ્રાંતિ લઇ શકાય તો ઠીક એમ નિશ્ચય કરી પોતે ઘોડેસ્વાર હતો આજુ બાજુ તમામ લસ્કર હતું જે સર્વ ચાલતું હતું, તે ચાલતુંજ રહ્યું. પોતાનો ઘોડો પણ ચાલતોજ રહયો અને ઘોડાના જીન ઉપર આડે પડખે થઇ ઘસઘસાટ ઉંઘવા મંડયો ! અહા કેવી અને કેટલી એકાગ્રતા ? કેટલું મનોબળ ? નિંદ્રા સિવાય કેવી જગત્‌ની વિસ્મરણતા કેવા સંજોગોમાં ? જયાં સુધી એવી એકાગ્રતા, એવી વિસ્મરણતા, ગમે તેવા પ્રતિકુળ સંયોગોમાં પણ પ્રાપ્ત ન થયેલ હોય ત્યાં સુધી ન્હાનો હેતુ પણ સિદ્ધ થતો નથી તો મોટાની આશા કયાંથીજ રાખી શકાય. આ ઉપરથી દૃઢ થાય છે, નિશ્ચિત થાય છે, કે એકાગ્રતા વિના સર્વ શુન્ય છે માટે પ્રથમ એકાગ્રતા પ્રાપ્ત કરવાનો યત્ન કરવો જોઇએ. ત્યારે પ્રશ્ન ઉદ્‌ભવે છે કે એકાગ્રતા પ્રાપ્તીનો માર્ગ શું ? કયો ઉપાય કરવાથી, કઈ રીતિએ કામ કરવાથી પ્રાપ્ત થઇ શકે ? અનુભવથી અને શાસ્ત્રથી બે ઉપાય મળે છે. તેમાં એક અભ્યાસ અને બીજો વૈરાગ્ય. અભ્યાસ એટલે રોજે રોજે એક વસ્તુ કર્યાજ કરવી. દાખલા તરીકે સંસ્કૃતનું જ્ઞાન ન હોય અને શીખવું હોય તો સંસ્કૃત સિવાય બધી આસપાસની બાબતોને ભુલી જઇ શબ્દો યાદ કરવા, વ્યાકરણ જોડણી સમજવું એમ હમેશાં કરતા રહેવાથી વખત એવો આવશે કે સંસ્કૃતમાં કક્કો બોલવાને લખવાને અશક્ત હશે તે મોટો પારંગત પંડીત થઇ બેસશે. તેમ સર્વ બાબત જેવી કે મહાન પુરૂષ થવામાં, દેશ સેવક થવામાં, દ્રવ્ય પતિ થવામાં, આત્મ સાક્ષાત્કાર કરવામાં, કીર્તિવાન થવામાં, ઉદ્યોગ હુન્નરનો ઉત્પાદક થવામાં, મોટો અમલદાર થવામાં, ઇત્યાદી સર્વમાં રોજનો વિચાર અને પ્રયત્ન એકાગ્રતા વડે ધારેલ સ્થળે પહોંચાડશે. વૈરાગ્ય એટલે ભગવાં પહેરાં

જંગલમાં જવું એમ નહિ. પરંતુ ત્યાગ, ભુલી જવું, જગતમાં માત્ર ઇચ્છીત વસ્તુ શીવાય કશુંય છે નહિ એમ દૃઢ થયું. એમ થાય તોજ કાર્ય સરે, જ્યારે કોઇ એક કામની શરૂઆત કરતા હોઇએ, ત્યારે અન્ય વિચાર કે કાર્ય વચમાં આવી ડખલ કરે તો તે વિચાર અને કાર્ય કદાચ ઉપયોગી હોય તો પણ તેને અટકાવી, વિસરી જવું, સ્મરણમાંથી કાઢી નાંખવું તદ્દન નિરર્થક સમજી ત્યાગ કરવા યત્ન કરવો. જેથી કાળાંતરે વૈરાગ્યના બળવડે, નિરંતરના અભ્યાસથી કરવા ધારીશું તે કરી શકીશું, અને થવા ધારીશું તેમ થઇ શકીશું. દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરતાં જણાય છે કે અત્યારે આપણાં મન મરકટ જેવાં અસ્થિર ચંચળ પાંચ મીનીટ પણ એકાગ્રતાથી વિચાર કિંવા કાર્ય કરવાને અશકત થઈ ગયાં છે, તેનું કારણ પાશ્ચાત્ય, રમણીય દેખાતો જડવાદી સુધરો છે. જે સુધારાએ નાના પ્રકારની અનેક મોહક વસ્તુઓ બનાવી એવા તો આકર્ષી લીધા છે કે જેમ મદ્ય પીધેલો માણસ બકે, કાર્ય કરે, જાય આવે એનો કોઇ નિયમ કે હેતુ હોતો નથી તેમ વર્તમાન જડવાદી સુધારાએ સંપુર્ણ કાબુમાં લઈ અધઃપતન કર્યા છે. જેથી અનેક વસ્તુ નિરખતું અનેક વસ્તુના ગુણદોષ સંબંધી વિચાર કરતું, અનેકના જેવા થવા ઇચ્છતું, મન, કોઇરીતે એકાગ્ર થઇ શકતું નથી. જ્યાં સુધી એકાગ્રતા નથી ત્યાં સુધી શાન્તિ પણ ન મળે તેમ શાંન્તિનો અભાવ હોય તો સુખ તો કયાંથીજ હોય. તેથી એકાગ્રતાને ઇચ્છનાર, એકાગ્રતાથી શાંતિ અને સુખને ચાહાનાર પુરૂષે આધુનીક સુધારાને તિલાંજલી આપવી જોઇએ. આત્માને સત્ય વસ્તુ માની તે મેળવવા મથન કરવું અને તે મેળવવામાં શરીર સાધન છે, જેને સાદા ખોરાક અને પોષાક વડે નિભાવવાની આવસ્યકતા છે. તે આવસ્યકતા ખેતી અને હાથની શાળો દ્વારા ઉદ્યમ

ફરી પુરી પાડવી. અને નિરંતરના અભ્યાસ તથા વૈરાગ્યના સેવનથી એકાગ્રતા મેળવવી જે એકાગ્રતામાં આત્મા (ઇશ્વર) વ્યાપી રહેલો છે.

પુરૂષાર્થ.

જગતમાં એક પણ એવી વસ્તુ નથી કે જે પુરૂષાર્થથી પ્રાપ્ત ન થઇ શકે. શુદ્રજીવથી લઈ છેક બ્રહ્મા પર્યંતની સ્થિતિ સર્વ પુરૂષાર્થ વડે પ્રાપ્ત નથઇ શકે છે. યદિ પુરૂષાર્થ કિંવા યોગ્ય દિશામાં પ્રયત્ન કરવો અટકાવી માત્ર નસીબ ઉપર આધાર રાખી બેસી રહીએ તો કોઇ કાર્ય પાર પડે નહિ. પરંતુ એ જાણવું આવશ્યક છે કે પુરૂષાર્થને ગૌણસ્થાન આપી નસીબને આપણા દેશમાં બહુ અગ્રસ્થાન આપવામાં આવે છે તેનું કારણ શું ? અગ્રસ્થાન આપવાનું કારણ જે વ્યક્તિ પ્રમાદવશ હોય છે, જેને કાર્ય કરવા તરફ પ્રીતિ હોતી નથી, પરંતુ તૈયાર આયતું મળી જવા ધારેલું હોય છે, જે એક વખત કોઇ કાર્ય કરી ફળ મેળવવામાં નાશીપાશ થયો હોય છે, તે બાયલાની માફક પુરૂષાર્થનો ત્યાગ કરી પ્રારબ્ધ ઉપર આધાર રાખી બેસી રહે છે પરંતુ જેઓ પુરૂષાર્થની મહત્તા જાણે છે, તેઓ કાર્યમાં ફળીભુત ન થાય તો પણ હતાશ નહિ થતાં પુરૂષાર્થ કર્યોજ કરે છે. મહારાણા પ્રતાપસિંહ પ્રારબ્ધ છોડી દઈ અકબરની સામે પુરૂષાર્થથી લડયા નહતે, નસીબ ઉપર આધાર રાખી બેસી રહ્યા હતે તો કદીપણ ચીતોડની ગાદી પુનઃ પ્રાપ્ત કરી શકયા નહતે, હીંદપણાનું ગૌરવ જાળવી ન શકતે. અને આજે જે સમસ્ત ભારતવર્ષ તેમના પવિત્ર નામથી આનંદીત થઇ ગુણ ગાવા માંડે છે તે ન ગવાતે. શિવાજી મહારાજ જ્યારે બાળવયથી નિવૃત થઇ યુવાવસ્થામાં પ્રવેશ

કરતા હતા ત્યારે ઔરંગઝેબના ત્રાસથી હીંદુઓ ત્રાહી ત્રાહીનો પોકાર કરી ચોમેર નાસતા ભાગતા હતા. શિવાજી મહારાજ દેશ બંધુઓનું દુઃખ જોઇ શક્યા નહિ, જાતિધર્મની ગ્લાની થતી જોઈ ધીરજ રાખી શક્યા નહિ. આસપાસના સંયોગો અત્યંત પ્રતિકુળ હોવાછતાં, પોતે દ્રવ્ય, માણુસ અને શક્તિમાં અલ્પ હોવા છતાં, હીંદુઓની રક્ષા કરવાનું પણ લીધું. પ્રબળ પુરૂષાર્થ વડે દુશ્મનને હંફાવી મુકયો. મહારાષ્ટ્રમાંથી હાંકી કાઢયો અને મરાઠા રાજ્યની સ્થાપના કરી પ્રજાનો જીવ અને ધર્મ બચાવ્યા. યદિ કાયર થઇ પુરૂષાર્થ વગર બેસી રહ્યા હતે તો આજે તેમનું યશોગાન ક્યાંથી થાત ?

ફ્રાન્સ જ્યારે વિદેશીઓના આક્રમણથી દુઃખમાં વ્યાપ્ત હતું, રાજા અને કારભારીઓ કર્તવ્યથી વિમૂખ થઇ વિલાસમાં પડયા હતા, પ્રજા દુઃખથી આકુળ વ્યાકુળ થઇ રીબાતી હતી, ખુદ ફ્રાન્સમાં પણ બળવો ઉઠવાનો ભય હતો, તેવા સમયમાં માત્ર એક ચૌદ વર્ષની બાલીકા, ગામડીઆ ખેડુતની છોકરી, દેશની મહાદુર્દશા થતી જોઇ. અત્યંત ખીન્ન થઇ, વિચારવા લાગી કે જે દેશમાં હું ઉત્પન્ન થઇ છું, જે દેશે મારૂં પાલન પોષણ કર્યું છે તે દેશની અને તેના સંતાનોની અધોગતી થતી કઇ કઇ વ્યકિત ચુપ ચાપ બેસી રહે ? કોઇ નહિ. અવશ્ય હું મારા દેશને વિદેશીઓના પંજામાંથી મુકત કરીશ. રાજા પ્રજાને કર્તવ્યનું ભાન કરાવીશ ત્યારેજ શાંતિ પામીશ કુમારીકા જોન ઓફ આર્ક દેશનો ઉદ્ધાર કરવાનો નિશ્ચય કરી ઘરથી રાજધાની તરફ નીકળી પડી, પોતે (અબળા નાની વયની અસ્ત્ર શસ્ત્રના જ્ઞાનથી રહિત તથા બીલકુલ લાગવગ રહીત હતી તેથી જેણે કોઇએ આ વાત સાંભળી કે કુમારીકા જોન

ઓફ્ આર્ક ફ્રાન્સનો ઉધ્ધાર કરવા નીકળી છે, તેઓ સર્વ અસંભવીત શસશૃંગ જેવું માનવા લાગ્યા, નાદાન ગણી હસી કાઢવા મંડયા કોઇ તો કંઇ કંઇ પ્રકારના આક્ષેપો મુકતા અચકાયા નહિં. પરંતુ કુમારીકા જોન ઓફ્ આર્ક લોકોની ટીકા ઉપર બીલકુલ લક્ષ આપ્યું નહીં, લેશ માત્ર પણ ફળની આશા નહિં રાખતાં દેશનો ઉધ્ધાર કરવાર્થે પ્રબળ પુરૂષાર્થનો આરંભ કર્યો. કઇક અપમાન થયાં, ટાઢ તડકો ભુખ તરસ અને એવાં બીજા અનેક કષ્ટો સહેવાં પડયાં તે સહ્યાં પરંતુ દેશના મોક્ષાર્થે, આત્મભોગ આપવા તૈયાર થઇ, અનેક વખત કેદ થઇ જવાની અણી ઉપર આવી ગઇ અનેક વખત ધડથી શીર જુદું થવાનો વખત આવ્યો તેમાંથી ઇશ્વર કૃપાથી બચી પરંતુ તેથી ગભરાઇ નહિં. હીમત હારી નહીં. અને પુરૂષાર્થ કરવા લાગી. પરિણામ એ આવ્યું કે, ફ્રાન્સે ટુંક સમયમાંજ સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત કરી, એ સર્વ કોના પ્રતાપ ? માત્ર પુરૂષાર્થનાજ, જે સર્વ સાધન સંપન્ન, વિશાળ દેશનો રાજા, ઉમરાવ, સૈનીકો પ્રારબ્ધ વશ ન કરી શકયા તે એક ચૌદ વર્ષની બીન કેળવાયેલ, સાધન રહિત બાળીકાએ માત્ર પુરૂષાર્થ વડે દેશને સંકટમાંથી બચાવ્યો.

જ્યારે પુરૂષાર્થથી ઇચ્છીત કાર્ય સિદ્ધ થઇ શકે છે, નરનો નારાયણ થઇ શકે છે, ભીરૂનો વીર થઇ શકે છે, દરીદ્રીનો ધનવાન થઇ શકે છે, ગુલામનો રાજા થઇ શકે છે; ત્યારે શામાટે હિંદનો મોટો ભાગ પુરૂષાર્થની અવગણના કરી નસીબ ઉપર આધાર રાખી બેસી રહેતો હશે ? એવું તે નશીબમાં શું રહેલું છે ? એથી પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે નશીબ (પ્રારબ્ધ) એટલે શું ! આપણે જે જે કર્મ કરીએ છીએ. તે તે કર્મના પ્રમાણમાં શુભાશુભ પરિણામ

ઉત્પન્ન થઇ સારા નરસું ફળ આપે છે, તેને આપણે નસીબ કહીએ છીએ. સ્પષ્ટ રૂપમાં જોતાં એક ખેડુત ખુબ મહેનત કરી ખેતર ખેડી ઘઉં વાવે, અને જોઈતું પાણી પાઇ પાકને આબાદ બનાવેતો અવસ્યમેવ મોટા જથ્થામાં ઘઉં મેળવી શકે છે. બીજો ખેડુત ખેતર ખેડયાવીના, સંભાળ રાખ્યાવીના જેમ તેમ શેરડી વાવીદે, પાણી પાવાની દરકાર ન રાખે, તો પાક થવાનો વખત આવ્યે શુન્ય મલે છે. એ બન્ને ખેડુતે કર્મ કર્યું તે પુરૂપાર્થ, કરેલા કર્મના પ્રમાણુમાં ફળ મલ્યું તે નસીબ. એટલે કે જેવા અને જેટલા પ્રમાણુમાં પુરૂપાર્થ કરેલ હોય તેવા અને તેટલા પ્રમાણુમાં ફળ આપે તેને નસીબ કે પ્રારબ્ધ કહીએ છીએ. એમાં અશુભ ફળ મલ્યું તેથી નસીબનો દોષ સમજી બેસી રહેવાનું નથી. પરંતુ કર્મમાં રહેલા દોષને સમજી સુધારી ફરીથી કરવાની અગત્યતા રહે છે. આ ઉપરથી જ્ઞાત થાય છે કે (પ્રયત્ન) પુરૂપાર્થતો અવસ્ય કરવો જોઇએ. પરંતુ તે વીચાર પુર્વક થવો જોઇએ જેથી એનું ફળ, નસીબ કિંવા પ્રારબ્ધ શુભદાયી નીવડે. જેઓ પ્રારબ્ધ ઉપર આધાર રાખી પુરૂપાર્થનો ત્યાગ કરી વીલે મોઢે બેસી દુઃખ દરીદ્રતા રોગથી રીબાતા હોય તેઓ એ જે થવાનું છે તે તો થશેજ એમ સમજી પ્રાપ્ત સમયમાં યોગ્ય દિશામાં પુરૂપાર્થ કરી સુખગામી થવું ઘટે છે.

વ્યાયામ.

સુખ, દ્રવ્ય, કીર્તિ, પરમાર્થ, ઇત્યાદિ પ્રાપ્ત કરવાનું સાધન શરીર છે. પરંતુ તે માત્ર નામનું શરીર નહોવું જોઇએ. જે શરીર નિરોગી અને બળવાન ન હોય તે બોજારૂપ છે. તેનાથી કોઇ કાર્ય પાર પડતું નથી. એટલુંજ નહિં પરંતુ રોગી અને નિર્બળ શરીરમાં

આત્મા મુંઝાય છે. તેને દુ:ખ થાય છે એથી તો શરીરથી વિયોગ થાય તો ઠીક એમ ઇચ્છે છે. આથી સિધ્ધ થાય છે કે શરીરને નિરોગી અને બળવાન બનાવવું. એ નિરોગી અને બળવાન બનાવવાનું સાધન વ્યાયામ (કસરત) છે.

એ કસરતથી પ્રચંડ બળવાન્ ભીમ અને દુર્યોધન થઈ ગયા, એજ કસરતના પ્રભાવથી આપણી દ્રષ્ટી સમક્ષ હીંદુ વીરનર મહા બળવાન્ પ્રોફેસર રામમૂર્તિ નાઇડુ સમસ્ત હિંદને પોતાના જેવા થઇ દ્રવ્ય કીર્તિ સુખ પ્રાપ્ત કરવા આવાહન કરે છે. પ્રોફેસર રામમૂર્તિ નાઇડુ જ્યારે સોળ સત્તર વર્ષની વયમાં હતા, ત્યારે તેઓ શરીરે અત્યંત કૃશ, રોગી, અને દુ:ખી હતા, અભ્યાસ થઇ શકતો નહિ અનેક વૈદ્ય ડાક્ટરોની દવા લીધી પણ કાંઇ ફાયદો થયો નહિ. આખેર નિરાશ થઇ દુ:ખમાં દિવસો નિર્ગમન કરતા હતા એવામાં તેના સદ્ભાગ્ય યોગે એક કાશી નિવાસી પંડિત મદ્રાસ આવી ચડયા. તેમની મુલાકાત થઇ અને વાતચીત કરતાં રામમૂર્તિ નાઇડુએ પ્રશ્ન કર્યો કે પંડિતજી મહારાજ આપ સાદો ખોરાક લીઓ છે, કાંઈ ભસ્મ, ગુટીકા, કે સેનેટોજેનનું સેવન કરતા નથી છતાં આપનું શરીર આટલું બધું નિરોગી અને બળવાન્ કેમ દેખાય છે ? હું ઘણીએ દવા લઉં છું કેટલીએ જાતના પાકો અને ગોળી, પાઉડર ગણ્યા છતાં બળવાન્ તો થવું એક તરફ રહ્યું પરંતુ રોગથી પણ મુક્ત થતો નથી. માટે મહારાજ કૃપાકરી મને કોઇ માર્ગ બતાવો. પંડીતજી મહારાજ કહે છે કે ભાઇ એમાં કાંઇ દવા ફવાની જરૂર નથી દેશી ઢબની સાદી કસરત કરતો રહે, શુદ્ધ સાત્વિક ખોરાક ખાતો રહે, જેથી શરીર નિરોગી અને સુદ્રઢ થશે. નિત્ય પ્રાતઃકાળમાં મળમુત્ર, સ્નાન સંધ્યાથી, પરવારી

આસન, પ્રાણાયામ, દંડ, બેઠક, ખુલી શુદ્ધ હવામાં દોડવું, નિર્દોષ કુસ્તી કરવી જેથી શરીરમાં લોહીની ગતિ ફરશે, સ્નાયુ મજબુત થશે જઠરાગ્નિ પ્રદિપ્ત થશે, અને મન બુદ્ધિ નિર્મળ થશે. રામમૂર્તિ નાઇડુએ પંડીતજીનું વચનામૃત યથાર્થ હૃદયમાં ઉતારી તેજ દિવસથી નિયમિત કસરત કરવાનો અને ખોરાક લેવાનો પ્રારંભ કરી દીધો બે ત્રણ માસ વીત્યા તો જણાયું કે શરીરમાં રોગ જેવું નામ નથી, શરીર બળવાન્ થતું જાય છે, અનેક કષ્ટ સાધ્ય કામો સહેલાઇથી થઇ શકે છે, અને બુદ્ધિ સુક્ષ્મ થતી જાય છે. એમ ઉત્તરોત્તર કસરતના સેવનથી, શુદ્ધ સાત્વિકાહારથી, બ્રહ્મચર્યના પાલનથી આજે એ મૂર્તિને આપણે જોઇએ છીએ તો ખરેખર પ્રાચીન ભીમનું તાદૃશ્ય ખડું થાય છે. એ વીરનરે માત્ર હિંદને નહિં પરંતુ યુરોપ, અમેરીકા, એશીઆના દેશોમાં પ્રવાસ કરી પોતાનું અતૂલ પરાક્રમ દાખવ્યું છે, મોટર જેવા મહાબળવાન્ યંત્રને સ્તંભન કરી શકે છે, છાતી ઉપર પચાસ મણનો પત્થર મુકાવી તોડાવે છે, શરીર ઉપર હાથી ઉભો રખાવી શકાવે છે. વાઘ સિંહ અને બીજા વિકાળ પ્રાણીઓને પકડી ઉભા રાખી શકે છે. પરંતુ મહા શોકની વાત છે કે એ સુખદાયી કસરત અત્યારે નહિવત્ થઇ ગઇ છે. જેઓ અંગ્રેજી ભણી ગણી કોટ પાટલુન પહેરી અપટુડેઇટ ફેશનમાં જેવા દેખાઇ પાશ્ચાત્ય ઉતારો લઇ સુધરેલા કહેવરાવે છે તેઓતો પોઝીશનની મોકાણે શરીરને શ્રમ આપવા ઇચ્છતા નથી એમને મન પાશ્ચાત્ય ક્રિયા વિચાર, રહેણી કરણી વિના સર્વ દેશી ધતીંગજ છે. હવે બીજો વર્ગ કે જેઓ પ્રાચીન પુર્વજોનું માત્ર નામનુંજ પુછડું પકડી અનેક કુરઢીઓ દાખલ કરી, તેના દાસ બની પ્રમાદ અને પ્રસાદવશ થઇ પડયા રહે છે. તેઓ પુર્વજોનું અને પ્રાચીન સમયનું અભીમાન

રાખે છે એ ઇચ્છવા જોગ છે પરંતુ માત્ર નામ ઉચ્ચારવાથી કોઇ કાર્ય થતું નથી. તેઓના વિચાર, કર્મ, સાહિત્ય, જીવનચરિત્રાદિનો અભ્યાસ કરી તેઓના જેવા થવા યત્ન કરવો જોઇએ, સાંપ ગયા અને લીસોટા રહ્યા, એવું નહિં રાખવું જોઇએ. કેટલાકના મનમાં એવું ઠસી ગયું હોય છે કે કસરતથી તો વખતે અંગ તુટી જાય, ઘસાઇ જાય, કસરત ગ્રહસ્થને લાયક નથી, એતો ગોડીઆના ખેલ છે. પરંતુ તે કેવળ મુર્ખતા છે. જ્યારે પાશ્ચત્ય લોકો બેટબૉલ ફુટબૉલ કે ટેનીસની કસરત કરી આનંદ મેળવે છે ત્યારે તે જોવાર્થે ધક્કા ધુંબા ખાઓછો, પૈસા પણ આપોછો, ત્યારે શરમાતા નથી ! પરંતુ પોતાની સાદી સરળ વગર ખર્ચની લાભકારક કસરત કરવાથી શરમ આવે છે. એ કેટલું બધું હીણપદ છે.

આધુનીક સમયમાં વિલાસનાં સાધનો જેવાં કે ટ્રામ, ટ્રેઇન, મોટર, ઇત્યાદિ થવાથી માણસને જરાતરા ચાલવાનું બનતું તે પણ બંધ થઇ ગયું છે. જેથી શરીર ચરબીવાળું બની જાય છે. મન કલ્પનામય થઈ જાય છે, માત્ર મનનાજ ઉપર લખવા ભુંસવાનો બોજો હોવાથી મન ડઠર બની જઈ, કોઇ નવીન વિચારી કરી શકતું નથી અને કોઇ વખતે ભ્રમીત પણ થઇ જાય છે. તેથી શહેરમાં રહેનાર શહેરીને અને બાળકોને તો અતિ આવશ્યક છે કે નિત્ય ઉપર જણાવેલી કસરત કરવી જોઇએ અને બને તેટલું પગે ચાલવાની ટેવ પાડવી જોઇએ.

જ્ઞાતિ હિત.

જે જે જ્ઞાતિનો ઇતિહાસ જોઇશું, તેઓની વર્તમાન સ્થિતિનું કાર્ય દ્રષ્ટીથી અવલોકન કરશું તો પ્રતિત જાય છે કે પ્રત્યેક જ્ઞાતિનું

હિત સંપ અને જ્ઞાનરૂપી બે સ્તંભના આધારે ટકી રહે છે. પરંતુ જ્યારે બન્ને સ્તંભો જીર્ણ થઇ જાય છે, ત્યારે જ્ઞાતિ હિનદશાને પ્રાપ્ત થાય છે.

આપણી હિંદુ જ્ઞાતિઓની સ્થિતિ ઉપરોકત બે સ્તંભો જીર્ણ થવાને લીધે મહા શોચનીય થઇ પડી છે, લોકોમાં કહેવાય છે કે દ્રવ્ય દ્રવ્યને વધારે, પડયાને સૌ પાટુ મારે ઇત્યાદિ અનુસાર દુર્દશા અનેક પ્રકારે વિતૃત થતી ચાલી છે. યદિ પ્રત્યેક જ્ઞાતિ અજ્ઞાનરૂપી નિંદ્રામાંથી જાગૃત થવાની કોશીશ નહિ કરે કિંવા કરવામાં વિલંબ કરશે તો જેમ દર્દીને રોગ ઉત્પન્ન થતાં ચાંપતા ઉપાય ન લેવામાં આવે અને બેદરકારીથી વૃધ્ધી પામવા દે તો પરિણામ એ આવે કે સમસ્ત શરીર રોગથી ગ્રસ્ત થઇ જાય અને મરણ શરણ થાય. પરંતુ ઉત્પન્ન થતાની વાર પ્રમાદ ત્યજી તેના નિવારણના ઉપાય યોજાય તો અવસ્યમેવ શાંતિ થાય; આપણી જ્ઞાતિઓની અવનત દશાનો આરંભ કાળ છે માટે આરંભમાંજ યત્ન થાય તો ભવિષ્ય શુભ નિવડે.

ઉપર જણાવવામાં આવ્યું કે સંપ અને જ્ઞાનની જ્ઞાતિ ઉન્નતિ અર્થે પ્રથમ આવસ્યકતા છે, એ સંપ અને જ્ઞાન કેવી રીતે પ્રાપ્તિ થઇ શકે ! માણસ માત્રને એ બન્ને શબ્દો અત્યંત પરિચિત છે છતાં છતાં શા માટે જીભથીજ બોલાય છે, અને કૃતિમાં મુકાતા નથી ? કારણ એ છે કે મનુષ્ય કોઇ વિદ્વાનના મુખથી “ अहंब्रह्मास्मि ” સાંભળી જ્યાં ત્યાં બકવાદ કરે કે હું બ્રહ્મ છું હું ઇશ્વર છું અને તેને જેમ જનસમાજ મુર્ખ ગણી હસી કાઢે છે તેમ સાંભળેલા સંપ. જ્ઞાન શબ્દ ની દુર્દશા થઇ છે. પરંતુ સાંભળનાર વ્યકિત अहंब्रह्मास्मि ની દશાએ પહોંચવાનો વિધિ પુર્વક માર્ગ સમજી તદનુસાર વર્તવા યત્ન કરે તો અવસ્યમેવ એક દિવસ એવો આવે છે કે તે બ્રહ્મ થઇ જાય

છે. અને જગત પણ માન્ય કરે છે. આપણે પણ સંપ અને જ્ઞાનનો અર્થ સમજવાની અને સમજી જીવનમાં ઉતારવાની આવશ્કતા છે અને બકવાદ કર્યે કાંઇ અર્થ સરતો નથી, સંપ એટલે ઐકયતા, ઐકયપણું પોતાનું માનવું તે. તે કયારે માની શકાય ? જ્યારે અભિમાન કે સ્વાર્થ ન હોય ત્યારે, તેથી પ્રતિત થાય છે કે અભિમાન એટલે હુંપણાનો ત્યાગ કરી સેવક ભાવથી વર્તવું, સ્વાર્થ બે પ્રકારનો છે એક દ્રવ્ય અને બીજો કીર્તિ જ્યારે એ ભાવનાઓ ઉત્પન્ન થાય, ત્યારે તેને દાબી દેવી જોઇએ, કે જ્યાં સર્વ સ્થળે હું જ છું, મન સાથે સંગ્રામ કરવો જોઇએ કે જ્યાં મારા ભ્રાતા પીતા માતા ભગિનીઓ છે. જ્યાં ઇશ્વર વ્યાપી રહયો છે ત્યાં દ્રવ્યની અન્યાય યુકત ભાવના રાખવી, કીર્તિનો લોભ રાખવો. કેવળ મીથ્યા છે, જ્યાં બેપણું હોય ત્યાં એમ થવું સંભવે, પરંતુ એકજપણું હોય ત્યાં સ્વાર્થ કે કીર્તિ લોભ કેવી રીતે સંભવી શકે, બીજો ઉપાય તે જ્ઞાન છે. આજ કાલ એવું મનાય છે કે દ્રવ્યવાળો એટલે ડાહ્યો, વૃદ્ધ થયો એટલે ડાહ્યો. ભભકાદાર યુરોપીયન ઉતારાનાં કપડાં પહેર્યા હોય એટલે ડાહ્યો ઇત્યાદિ કઇક રીતે ડાહ્યો કે જ્ઞાની માની લેવામાં આવે છે. પરંતુ વાસ્તવિક રીતે જ્ઞાનનું સ્વરૂપ નથી. જ્ઞાનનું સ્વરૂપ એ હોઇ શકે કે એ ઉત્તમ ચારિત્ર્યથી વૃધ્ધો, જ્ઞાતિ બંધુઓ, અને દેશ બાંધવોનું સન્માન રાખે, તેઓની આવશ્યકતા પુરી પાડે, શાસ્ત્ર જ્ઞાન અને ઉદ્યોગથી પોતાનો અને દેશનો ઉદય કરે, માતૃ ભાષા સ્વદેશની વસ્તુઓ, કુળધર્મ, ગમે તેટલી ઓછી પંકિતમાં ગણાતો હોય છતાં ત્યાગ ન કરે, અને પરાયું ઉત્તમોત્તમ ગણતું હોય તોપણ ગ્રહણ ન કરે અલબત બીજાનું જાણવું જોવું અને પોતાની ખોટ ખાત્રી જણાતી હોય તો સુધારો કરવો, પરંતુ ખરાબ ખરાબ કરી તીરસ્કારવાથી કિંવા

ત્યજી દેવાથી यद्दण्य भावना तद्दण्य सिद्धि કાળે કરીને જેવી ભાવના હોય તેવી સીદ્ધિ કે ફળ મળે છે માટે હમેશાં શુભ ભાવનાના સેવન વડે દુષ્ટ ભાવનાને દુર કરવી જોઇએ.

આજકાલ નિશાળો હાઇસ્કુલો કોલેજો કે યુનીવર્સીટીઓના શિક્ષણથી દુનીઆનો મોટો ભાગ મોહાંધ થઈ ગયો છે. પરંતુ જરાક વિચારવાની તસ્દી લે, શિક્ષણથી લાભ હાનીની તુલના કાંઇક જાણી શકે, પરંતુ ગાડરીઆ પ્રવાહની માફક એકે કર્યું તેનું જોઇને બીજાએ કર્યું. એમ મોટો ભાગ પરાવલંબી થઇ ગયો. બાળવય એ ખેડેલી જમીન સમાન છે. તેમાં જેવું બીજ રોપીએ તેવું વૃક્ષ થાય અને ફળ આપે. તેવી રીતે કુમળા હૃદયમાં બ્રહ્મચર્ય, સત્ય, ઇશ્વર ભક્તિ, સાહસ આજ્ઞાધારી, ધૈર્ય, એકાગ્રતા, નિસ્વાર્થતા સ્વદેશ પ્રેમ, સાત્વિક અહારી થવાના ઇત્યાદિ ઉત્તમ સંસ્કારો પાડવાની ખાસ આવશ્યકતા છે. ઉત્તમ સંસ્કારો સિવાયની સર્વ વિદ્યા નિરર્થક છે. માટે એ વિદ્યા શિખવાની પરમ આવશ્યકતા છે શું કોઇ બતાવી શકશે, કે અમુક નિશાળ, સ્કૂલ કે કોલેજમાં ઉપરોક્ત વિદ્યા તરફ ખાસ લક્ષ અપાય છે, એક પણ સ્થળે નહિ માત્ર વિદેશી કુટેવો અને શાબ્દીક ભાષાનો અભ્યાસ થાય છે, એટલા માટે ગુરૂકુળ કે ઋષીકુળ પુર્વજોની પ્રથાનુસાર આશ્રમો સ્થાપવાની ખાસ આવશ્યકતા છે એ આશ્રમોમાં બ્રહ્મચર્ય પાળી ગુરૂની સેવા વડે શારિરીક માનસિક, અને અધ્યાત્મિક શક્તિઓનો વિકાસ કરી સંસારમાં જોડાવું હિતકર છે.

પ્રત્યેક જ્ઞાતિમાં શ્રીમંત અને ગરીબ ઉભયની ફરજ છે કે દુરાગ્રહ અને અભિમાન ત્યજી પોતે પોતાને જ્ઞાતિનો સેવક સમજે, બોર્ડીંગો, સ્કુલ અને કોલેજોને બદલે ગુરૂકુળ ઇ. આશ્રમો શુધ્ધ અને

એકાંત જગ્યામાં ખોલે, કિંવા ખોલવામાં અને ખોલેલાને સહાય કરે. ઉતમ ચારિત્ર્ય બનાવવાનો યત્ન કરે, યદિ આ કાર્ય ખંતથી ઉત્સાહથી ધૈર્યથી, સ્વાર્થભોગથી ઉપાડી લેવામાં આવે તો થોડાજ વખતમાં ઉત્તમોત્તમ ફળ જોવા પામીશું. પછી કોઇ એવા ભાગ્યેજ દ્રષ્ટીએ પડશે કે જે જ્ઞાતિઓનો નાશ કરી વર્ણસંકર બનાવવા માગતા હોય. વિધવા લગ્ન કરી સતીત્વનો નાશ કરવા ઉદ્યુક્ત હોય, જ્ઞાતિ અને દેશની અવગણના કરતા હોય, ધર્મ કર્મથી રહિત હોય, નિર્ધન મુર્ખ અને અશકત હોય. વસ્તુતઃ એક પણ રહેશે નહિ.

ચારિત્ર્ય.

પ્રત્યેક વ્યક્તિ કોઇને કોઇ રીતે નામના મેળવી આદર્શ તરીકે ઓળખાવા ઇચ્છે છે. કોઇ દ્રવ્યથી, કોઇ વેપારથી, કોઇ પરોપકારી કાર્યોથી, કોઇ વિદ્યાહુન્નરથી, કોઇ વિગ્રહથી, ઇત્યાદિ ભિન્ન ભિન્ન માર્ગે પ્રવૃતિ કરે છે. પરંતુ તે સિદ્ધ થવામાં અનેક વિઘ્નો નડે છે. એટલુંજ નહિ પરંતુ આયુષ્યનો મોટો ભાગ વૃથા વ્યય થઇ જાય છે. એટલા માટે આવશ્યકતા છે કે એવી કયી યુક્તિ છે કે જે જાણવાથી અર્થ સાધ્ય થઇ શકે. એવી કયી ચાવી છે કે જે ચાવીનો ઉપયોગ કરવાથી ઇચ્છિત કાર્ય રૂપી તાળું ખોલી શકે. એવો કયો ધોરી માર્ગ છે કે જે માર્ગે ચાલવાથી નિર્વિઘ્ને સંકલ્પ સિદ્ધ થાય, એવો કયો રામબાણ ઇલાજ છે કે જે ઇલાજ કાર્યમાં મુકવાથી નામધારી મનુષ્ય મટી ખરેખરો મનુષ્ય બની શકે. એ યુક્તિ એ ધોરી માર્ગ તે "ચારિત્ર્ય" છે. ચારિત્ર્ય એટલે શું ? જીવનની વિશુદ્ધતા શરીર મન અને વાણીની પવિત્રતા, જે શરીર મન બુદ્ધિ અને વાણી વડે

સમસ્ત જગતનું કલ્યાણ થાય, આનંદમળે, એક પણ દ્રોહ ન થાય, એકપણ એવું આચરણ ન થાય કે જેથી પોતાને અને જગતના પ્રાણીઓને સંતાપ થાય. અત્યંત દુઃખની વાત છે કે આજે બુદ્ધિમાન ગણાતા પુરૂષો ચારિત્ર્યને છાપરે મુકી માત્ર ભાષા લખી બોલીકે વાંચી શકવામાં, પછી તે ગુજરાતી, અંગ્રેજી કે હરકોઈ ભાષાનો છુટથી ઉપયોગ કરી જાણવામાં ફાંકો રાખે છે કે અમે સુધર્યા, (ચારિત્રવાન્ થયા) અમે સુખી થયા, વસ્તુત. ગુલામી પંરતુ તેમના મનથી માનેલી ઉત્તમોત્તમ પદ્વી નોકરી પેદી કે ઓફીસમાં મેળવી ધંધાદારી થયા છઇએ, વિધવા વિવાહ કે નાત જાતનો તફાવત રાખ્યા વીના એકત્ર મળી ભોજન કરી દેશોદય કરવાના છઇએ, અમે અમારી સાદી ટકાવ ઉચ્ચ આદર્શવાળી, ઉચ્ચ ભાવનાવાળી. જીવનના કલહને દુર કરનારી અધ્યાત્મ વિદ્યા, ભાષા, પહેરવેશ, રહેણી કરણી, ખોરાક, વસ્તુની બનાવટ વીગરેને તિલાંજલી આપી મહામોહક મૃગજલ સરખી, અંધકાર પ્રવર્તક, ક્ષણભંગુર, પાશ્ચાત્ય નીતિ, રીતિ, હુન્નર ઉદ્યોગ, ભાષા, જ્ઞાન ગ્રહણકરી ઉન્નતિ કરી છે. પરંતુ દીર્ઘ દ્રષ્ટીથી વિચાર કરતા અને ફળ જોતા ઉન્નતિને બદલે અવનતિ કરી છે. જો કોઇ પણ ઉન્નતિને ઇચ્છતો હોય, સુખને ચાહતો હોય તો તેણે આધુનીક સુધારાને બાજુપર મુકી ચારિત્ર્ય ખીલવવા જીવન વિશુદ્ધ બનાવવા પ્રથમ યત્ન કરવો જોઇએ. જો ચારિત્ર્ય વિશુદ્ધ હશે તો દુનીઆની એકપણ એવી વસ્તુ નથી કે જે શુદ્ધ ચારિત્ર્યવાનને પ્રાપ્ત ન થઇ શકે. પવિત્ર જીવનવાળા મનુષ્ય ઉપર જે કોઈ મનુષ્ય સહવાસમાં આવે છે તેને વિશ્વાસ ઉત્પન્ન થાય છે, તેને પ્રેમ ઉપજ્ન થાય છે, તેને તેની સેવા કરવાનું તેનું કલ્યાણ કરવાનું મન થાય છે, તેને તેની કીર્તિનો ઠામઠામ

પ્રચાર કરવામાં, તેના ગુણાનુવાદ ગાવામાં આનંદ મળે છે. એટલુંજ નહિં પરંતુ પવિત્ર ચારિત્ર્યવાળા મનુષ્ય માટે ઘણાઓ મનુષ્યો જીવનનો ભોગ સુદ્ધા આપે છે. તેથી જણાય છે કે પવિત્ર ચારિત્ર્ય-વાળાને કશી વાતની કચાશ રહેતી નથી. તેને સ્વયં સર્વ સિદ્ધિ આવી મળે છે, તેને અખીલ વિશ્વ ચાહે છે, તેની આજ્ઞામાં રહેવા માગે છે. તો જડ વસ્તુઓ જેઓ મનુષ્યને આધીન રહેનારી છે તે તો આધીન રહે એ સ્વાભાવિક છે.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે જીવન અત્યંત ક્લિષ્ટ થઈ ગયું છે, અનેક મિથ્યા વિચાર અને વસ્તુઓએ અમારા ઉપર સામ્રાજ્ય સ્થાપ્યું છે. અનેક ક્ષણીક સુખ આપનારા વિષયોએ અમોને પરવશ બનાવ્યા છે. એ સર્વમાંથી નિવૃત થવું, એ સર્વનો ત્યાગ કરવો, મહા કઠીન જણાય છે તો એવો કયો માર્ગ છે કે જે માર્ગે ચાલવાથી શુદ્ધ ચારિત્ર્યવાન્ થઇ શકાય? ચારિત્ર્યવાન્ થવાને માટે એક સુમાર્ગ છે તે, તે સુમાર્ગ તે પ્રાચીન આદર્શતા છે. પરંતુ સ્મરણમાં રાખ-વાનું છે કે પ્રાચીન આદર્શતા માત્ર મુખથી બોલવાથી, લોકારૂઢી પ્રમાણે સાંભળવાથી, જીવનમાં નહિ ઉતારવાથી, વસ્તુત. પ્રાચીન આદર્શતા એટલે શું, એનો યથાર્થ અર્થ નહિ સમજવાથી, ચારિત્ર્ય કદિપણ બંધાવાનું નથી. માટે પ્રથમ પ્રાચીન આદર્શતા એટલે ભૂતકાળની સભ્યતા, એ ભૂતકાળની સભ્યતા એટલે આજથી લગભગ પાંચહજાર વર્ષ પૂર્વે ભારત વર્ષમાં આર્યો (હિંદુઓ) જે રીતિએ જીવન વ્યતીત કરતા હતા તે. તેઓ હમેશા વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે વર્તતા હતા. શરીર ઢંકાઇ, ટાઢ તડકાથી રક્ષણ થાય અને સભ્યતા સચવાય એટલાજ હેતુથી હાથની બનાવટના સાદા કપડા પહેરતા

હતા. આઠ વર્ષથી પચીસ વર્ષ પર્યંત ગુરૂઆશ્રમમાં રહી બ્રહ્મચર્ય પાળી શાસ્ત્રાભ્યાસ કરતા, શરીર, મન, બુદ્ધિ કેળવી પવિત્ર અને દૃઢ બનાવતા. અધ્યાત્મવિદ્યા, તપ, યોગ, અસ્ત્રશસ્ત્રનું જ્ઞાન, ખેતી, વણાટ, ઢોરોની રક્ષાકરવાનું જ્ઞાન, સંસ્કૃત ભાષામાં ગુરૂની સેવાકરી પ્રાપ્ત કરતા. સહેલાઇથી ઘેર બેઠાં હાથથી થઇ શકે એવી નાના પ્રકારની વસ્તુની બનાવટ કરતા, પરહિતની ખાતર, જ્ઞાતિ હિતના માટે સદા સર્વદા તત્પર રહેતા, પ્રાણ આપતા, આત્માને મિત્ર ગણતા, કામ ક્રોધ, મોહ લોભ મદ, મત્સર ઉત્પન્ન કરે એવા પદાર્થ ને શત્રુ સમજી નિત્ય તેની સાથે યુદ્ધ કરતા. આત્મા સત્ય વસ્તુ છે, બાકીસર્વ નાશવંત છે એમ દૃઢ નિશ્ચય કરી આત્મપ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરતા. દેહ ફક્ત આત્મ પ્રાપ્તિનું સાધન છે એમ સમજી સાદા ખોરાક અને પોષાકથી નિભાવતા. જે ખોરાક પોષાક અસંખ્ય જીવોની હિંસા કરનારા, કરોડો મનુષ્યને દારિદ્રી અને ગુલામ બનાવનારા યંત્રોથી ઉત્પન્ન કરતા નહિ, પરંતુ નાની નાની હાથની શાળોથી, નાના ખેતરોથી સ્વતંત્ર રીતે ઉત્પન્ન કરતા, ઇશ્વરમાં પુર્ણ શ્રદ્ધાવાન રહી ભકિત, જપ, તપ, કરતા, પવિત્ર સાધુઓ સંતો, સાધુઓ રૂષીઓ અને મુનીઓની સેવા સુશ્રુષા કરતા, ઇશ્વરાવતાર માનતા, બ્રાહ્મણ ભીક્ષુક ગાય, દુઃખી, રોગી, શરણે આવેલાની રક્ષા કરતા, સાત્વિકાહાર કરતા તેમાં પણ વિશેષ કરી ફળનો મિતાહાર કરતા, સાદુ જીવન અને ઉચ્ચ વિચાર રાખતા, સાક્ષાત્ યમપુરી જેવા, જેલની કોટડી જેવા હવા ઉજાસ રહિત અને વિષ્ટા મળમુત્રથી ભરપુર ગટરો ઉપર વસાયલા, ભયંકર આકર્ષણીય શહેરોનો ત્યાગ કરી નાના ગામડામાં ખુલ્લી હવામાં રહેતા હતા, ગમે તેટલા માણુસનું કુટુંબ હોય પછી બે પાંચ કે પચીસનું હોય તો પણ એકત્ર રહેતા, માતપિતા ગુરૂ અને

વડીલોની સેવા કરતા. તેઓની આજ્ઞામાં રહેતા, અને આશ્રમ ધર્મ જેવા કે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસાશ્રમ યથા સમયે શાસ્ત્રાનુસાર પાલન કરતા, જેથી ચારિત્ર્ય સંપુર્ણ રીતે ઘડાતું આ લોકમાં સુખ, સંતોષ સત્કર્મ કરી દેહાંતે પરલોકમાં આનંદ પુર્વક સિધાવતા અત્યારે એ સર્વ લુપ્ત પ્રાય થઇ ગયું છે, મન અને ઇંદ્રિયો સ્વછંદી થઇ ગઇ છે. સુખ, સ્થિરતા, ધૈર્ય બુદ્ધિ જેવું કાંઇ રહ્યું નથી શરીરને આત્મા માની વિષય ભોગમાં સર્વસ્વ માની લેવાયું છે. અસત્ય અનીતિ અને સ્વાર્થ પરાયણતાની સીમા રહી નથી. તો એ સર્વમાંથી મુક્ત થવા ઇચ્છનારે, દેહ અને આત્માનું સુખ ઇચ્છનારે પ્રાચીન આદર્શતા ક્રમશઃ જીવનમાં ઉતારી ચારિત્ર્યવાન્ થવુ ઘટે છે.

જીવન સાફલ્ય.

શીખરણી.

વિચારી જો વીરા, ધિરજ ધરી એકાંત સ્થળમાં,
જવાનું જાયું તે, નિયમ સહુનો એક જગમાં;
થતું ઓછું આયુ, સરિત સરખું જાય વહિતે,
ગુમાવીના ખાલી, જીવન તુજ સાફલ્ય કરીલે. (૧)
ફરે આંખ્યો ફાડી, મરણ ભયકારી જગતમાં,
ભરૂંસોના તેનો, તન ઝડપતું એક પળમાં;
નદાખ્યો ત્યાં સુધી, સમય સમજી ચિત્ત ધરીને,
ગુમાવીના ખાલી, જીવન તુજ સાફલ્ય કરીલે. (૨)
મળીઆ માનુષી, અધિક કિમતી દેહ જગમાં,
જતાં આશા ત્હુંને, ફરીથી મળવા એજ નવ જ્યાં;
છતાં ભુલી શાને, ભટકી ભ્રમમાં રોજ રખડે,
ગુમાવીના ખાલી, જીવન તુજ સાફલ્ય કરીલે. (૩)
ગણીસૌ ત્હારાંતું, વિમળદિલ છાંડી વિષમતા,
તજીહું અમારૂં, પરમ હૃદયે ધારી શમતા;
મળેલું જે કાંઇ, ઇશ તરફ આંહીં તુજને,
ગુમાવીના ખાલી, જીવન તુજ સાફલ્ય કરીલે. (૪)
રળીપામ્યો લક્ષ્મી, વિષય ઉપભોગે વ્યયકરી,
પરંતુ સંતોષ્યા, કદિ ન તુજ ભાંડુ પ્રિત ધરી;
વહેતું નિત્યે જે, હૃદય પટ પ્રીતિ ઝરણુ તે,
ગુમાવીના ખાલી, જીવન તુજ સાફલ્ય કરીલે. (૫)

દઇ જે દીધાનું, ગરિબ તુજના બંધુ જનને,
ફરી પાળી પોષી, મુદિત વદતાં સ્નેહ વચને;
સુભાવે સુદેહે, પરમ ઉપકારી બની અને,
ગુમાવીના ખાલી, જીવન તુજ સાફલ્ય કરીલે. (૬)
પિતામાતા સૌના, અખિલ જગ સાચા ઇશ ધરા,
વિચારી વાંચ્છીતું, સુખ તુજહિલે બંધુ જનના;
સદાહોંસે સંગે, રમણ કરતાં સામ્ય ધરતા,
ગુમાવી લે સાહી, જીવન તુજ સાફલ્ય કરવા. (૭)

પુરૂષોતમ મોતીચંદ વખારીઆ.

મનને ઉપદેશ.

મન ! ચાલ હવેતું ચેતી ! શુભ કર્મ તણી કર ખેતીરે–મ૦ ચા૦
સંત–સમાગમ રૂપીગંગા, છે અદ્યાપિ વહેતીરે;
શુદ્દોદક પાયાકર તેનું, થશે લતા ફલ દેતીરે–મન ! ચાલહવેતું૦
કયાં લગી રાખીશ તુજ વૃત્તિને, વિવિધ વિષય રસ લેતીરે?
અનીત્યનો કહિ અંત ન આવે, ફોકટ થાય ફજેતીરે–મ૦ ચા૦
ક્રુર કાળ જવ નિકટ આવશે, તપી જશે તવ રેતીરે;
દુર્લભ બી પણ પછી નહીં ઉગે, છોકર ધોતી ને તીરે–મ૦ ચા૦

વૈદ્યકવિ દુર્લભશ્યામ ધ્રુવ.

મંડળની આકાંક્ષા.

મનહર છંદ.

પ્રથમ પ્રયાસ દશા સોરઠી યુવક તણો,
સ્નેહી બંધુ કૃપા કરી, હીતથી સ્વીકારજે.
લઘુબાળ જ્ઞાતિપણા, હિતકાજ શ્રમ કરે,
શ્રમની કિંમત કૃપા દ્રષ્ટીથી નિહાળજે.
તન મન ધન દઈ, શુભ કામ જ્ઞાતિ તણા,
પ્રેમી બંધુ પ્રેમ આણી નેગથી નિભાવજે,
નવી સાલે, નવે શ્રમે, નવો નવો નેહ ધારી,
નવા તુજ માસીકને, ઉત્તેજન આપજે.
ભુલ ચુક બાળકોની, ક્ષમા ઉરમાંહે ધારી,
સોરઠી યુવા મંડળે, સદૈવ પધારજે.

જગજીવન મોતીચંદ વખારીઆ.

કુસંપ-નિષેધ.

પીલુ.

કુસંપ તજીને સંપ વધારો, નથી શ્રેય કુસંપે વિચારો-કુસંપ તજીને
કુસંપ થકી ધન ધાન્ય સુકીર્તિ થાય વિનાશ એ નિશ્ચય ધારો-કુસંપ.
થઇ ખુવારી કઇક જનોની ભારતને ઈતિહાસ નિહાળો-કુસંપ.

લાભ શું પામ્યા ક્લેશ કરીને રાઠોડને ચહુઆણ કુમારો–કુસંપ.
સોંપી સ્વભુમી મુગલકરમાં બન્યા પરતંત્ર વિર સરદારો–કુસંપ.
"સુખ મળે આ મહીમાં સંપે" કુસંપ વૃક્ષનું મૂળ વિદારો–કુસંપ.
"સંપ વિના નહિ જંપ કદિએ" સુત્ર એ હિતકર દિલે ઉતારો–કુસંપ.
રિદ્ધિને સિદ્ધિ મળતી સંપે શાસ્ત્રકારોના એ ઉદ્ગારો–કુસંપ.
દેશોત્કર્ષ ચહો દિલેતો, સઘ સર્વત્ર સંપ પ્રસારો–કુસંપ.

પુરૂષોતમ મોતીચંદ વખારીઆ,

શ્રી દશા સોરઠીયા યુવક મંડળે ગત વર્ષમાં કરેલા મૂખ્ય કાર્યોનો ટુંક સાર.

આ મંડળની સ્થાપના સંવત ૧૯૭૦ ના શ્રાવણ શુદ ૩ ને રવિવારે થઈ હતી.

આ મંડળ સ્થાપવાનો મુળ હેતુ જ્ઞાતિ બંધુઓની માનસીક શક્તિનો વિકાસ કરવો અને યથા શકિત જ્ઞાતિ સેવા કરવી એ છે આ હેતુને અનુસરીને ગત વર્ષમાં નીચે મુજબ કાર્ય થયું છે.

(૧) મંડળના રૂમમાં કુલ ૫૬ ભાષણો નૈતિક ધાર્મિક, ઐતિહાસિક વગેરે વિષયોપર થયા હતા. જે પ્રસંગે સરેરાસ ૨૯ માણુસોની હાજરી રહેતી હતી. (૨) જ્ઞાતિ બંધુઓમાં વાંચનની અભિરૂચી જાગૃત કરવા માટે સોશિયલ સર્વિસ લીગની સહાયતાદ્વારા છેલ્લા આઠ માસથી આ મંડળના સ્વયંસેવકો મારફતે પુસ્તકો પૂરા પાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મંડળ તરફથી પુસ્તકાલય ખોલવામાં આવેલું છે, જેમાં હાલ લગભગ ૨૫૦ પુસ્તકો છે. આ બંને વ્યવસ્થાદ્વારા ૭૩૬ પુસ્તકોનો ૩૫૦ માણુસોએ લાભ લીધો હતો. જેમાં જણાવતાં હર્ષ ઉપજે છે કે ૨૮ જ્ઞાતિ બ્હેનોએ સારો લાભ લીધો હતો. (૩) જ્ઞાતિ બંધુઓને મનોરંજન સાથે વિવિધ જ્ઞાન આપવા માટે સોશિયલ સર્વિસ લીગદ્વારા મંડળ તરફથી મેજીકલેન્ટર્ન સાથે ૧૯ ભાષણો ૮ જગ્યાએ અપાયાં હતાં. જેનો લાભ ૧૦૮૫ પુરૂષો અને ૨૩૩ સ્ત્રીઓએ લીધો હતો. (૪) જ્ઞાતિ હિતનાં વિષયો પર નિબંધો લખવવાની જે યોજના કરવામાં આવી હતી (૫) રાત્રીશાળા અને પ્રાથમિક કેળવણી સંબંધી યોજના હાથ ધરવામાં આવી હતી, પણ ટુંક સમય બાદ વિશેષ અનુકૂળતાએ તે ઉપાડી લેવી યોગ્ય ધારવામાં આવી હતી (૬) આ સંસ્થાને અંગે એક સ્વયંસેવક મંડળ ખોલવામાં આવ્યું છે, જેનો લાભ જ્ઞાતિના શુભ કાર્યોમાં વ્યવસ્થા જાળવવા માટે લેવામાં આવશે એવો અમારો હેતુ છે.

શ્રી દશા સોરઠીયા યુવક મંડળના ઉદ્દેશો સંબંધમાં બે બોલ.

મનુષ્ય જીવન એકજ માર્ગે ગળાતું નથી, પરંતુ અનેક માર્ગે ગળાય છે, જે મનુષ્યો એકજ પ્રકારના-નિવશેષ જીવનને ગાળે છે, તે જીવનની વૃદ્ધિ કરતો નથી પણ વધ કરે છે. ભિન્ન ભિન્ન પ્રકારની પ્રવૃત્તિમાં મનુષ્યે પોતાના જીવનને ગાળવું જોઈએ, અને પ્રત્યેકમાંથી બનતુ સુખ અને આનંદ મેળવવાની તેમજ અન્યોને પ્રાપ્ત કરવાની અભિલાષાઓ રાખવી જોઇએ.

આ અભિલાષાઓને માત્ર બકવાદ કર્યાથી પાર પાડી શકાતી નથી, પણ તે માટેના પ્રયત્નો કાર્યમાં મુક્તા પાર પાડી શકાય છે; **કારણ કે માણસ જેવા વિચાર સેવે છે તેવો તે થાય છે.**

દરેક મનુષ્યમાં અનેક શક્તિઓ રહેલી છે, પણ કોઇ તેને વધારે અંશે અને કોઈ તેને થોડે અંશે વિકાસ પમાડે છે દરેક વ્યક્તિએ પોતાનામાં રહેલી શક્તિઓને બનતી રીતે ખીલવવાની જરૂર છે.

પ્રત્યેક દેશ, જ્ઞાતિ, કુટુંબ અને વ્યક્તિ પોતાની ઉન્નતિને માટે સર્વદા યત્ન કર્યા કરે છે. જેને જે સરલ અને સુગમ માર્ગ લાગે છે, તે પ્રમાણે પોતાની યોજના કરી પોતાનું કાર્ય નિર્વિઘ્ને પાર પાડે છે.

આવી કંઇક ભાવનાથી અમો પણ યથાશક્તિ જ્ઞાતિસેવા બજાવી શકીયે તે માટે ઉત્કર્ષ સાધવામાં આ મંડળ સ્થપાયું છે

માનસીક નૈતિક અને ધાર્મિક કેળવણીની ખાસ જરૂર છે. તેવી કેળવણી પ્રાપ્ત કરેથીજ મનુષ્યો પોતાનું જીવન ઉચ્ચ કરી શકે છે, પોતાનું કર્તવ્ય સમજી શકે છે, અને જન સમાજને હિતકર્તા થઇ પડે છે.

આ નિયમાનુસાર અમો યુવકોએ માનસીક બળ ખીલવવાને માટે વિવિધ યોજનાઓ કરી છે; જે એક પછી એક અમલમાં મેલવાને પ્રયાસ કરીશું. હાલમાં અમોએ યુવકોના મનમાં સુવિચારો વાસ કરે અને નીતિમય જીવન ગાળે તે માટે મંડળમાં ભાષણો આપવાની તથા જ્ઞાતિ જનોમાં વિવિધ જ્ઞાનના પ્રચાર અર્થે ફરતા પુસ્તકાલય તથા મેજીક લેન્ટર્નદ્વારા ભાષણો આપવાની વ્યવસ્થા કરી છે.

મનુષ્યે સૃષ્ટિમાં અવતાર ધારણ કરી માત્ર પોતાના સુખમાં મચ્યા રહેવાનું નથી. પણ પરોપકાર કરવામાંજ પોતાની શક્તિઓનો ઉપયોગ કરવાનો છે; ખાવું, પીવું, **અને સુવું એજ કાંઇ જીંદગીની સાફલ્યતા નથી;** પરાર્થે જીવન ગાળવા માટે સતત્ પ્રયાસો કરવા જોઇએ અને જન સમાજને હિતકારી સંસ્થાઓને કાર્યસિદ્ધિ માટે યોગ્ય મદદ આપી ઉત્તેજન આપવું જોઇએ.

મેનેજીંગ કમીટીના સભાસદો.

૧ મી. શીવલાલ દ્વારકાદાશ કોઠારી બી. એ. પ્રમુખ.
૨ ,, માણેકચંદ અમરશી શાહ ઓનરરી સેક્રેટરી.
૩ ,, ભગવાનજી જીવણ ધ્રુવ ઓનરરી જોઇન્ટ સેક્રેટરી.
૪ ,, વલભદાશ કરસનદાશ ધ્રુવ ખજાનચી.
૫ ,, પ્રાણજીવનદાશ વલભદાશ સાંગાણી હેડ લાયબ્રેરીયન.
૬ ,, ઝવેરચંદ પ્રાગજી સેલારકા.
૭ ,, ભગવાનજી પ્રાગજી સેલારકા.
૮ ,, ઝવેરચંદ રાઘવજી શેઠ.
૯ ,, ગીરધરલાલ ત્રીભોવનદાશ ધોલકીયા.
૧૦ ,, ગોવિન્દજી ધનજી સાંગાણી.
૧૧ ,, પરશોતમદાશ મોતીચંદ વખારીઆ.

સભાસદોના નામ.

૧૨ મી. મુળજી નારણજી રાજકોટીઆ.
૧૩ ,, ઝવેરચંદ નાનજી સાંગાણી.
૧૪ ,, અચરતદાશ શામજી સેલારકા.
૧૫ ,, મોહનલાલ દેવચંદ સેલારકા.
૧૬ ,, છગનલાલ અવિચળ શેઠ.
૧૭ ,, ભાણજી વીઠલજી કાટકોરીઆ.

૧૮ મી. મનજી જુઠાભાઇ માલવીઆ.

૧૯ ,, શોભાગચંદ કપુરચંદ કાટકોરીઆ.

૨૦ ,, ફુલચંદ અમરશી.

૨૧ ,, મોહનલાલ માવજી માલવીઆ.

૨૨ ,, રણછોડદાસ કાનજી.

૨૩ ,, ભગવાનજી લવજી.

૨૪ ,, કરસનદાશ ચત્રભુજ આણંદપરા.

૨૫ ,, માધવજી હરજીવન માલવીઆ.

૨૬ ,, શામજી ગગલચંદ વખારીઆ.

૨૭ ,, પાનાચંદ લખમીચંદ ધોલકીઆ.